BAOU
Education for All

# Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

## SCHOOL OF HUMANITIES AND SOCIAL SCIENCES
## PERFORMING ARTS

# CERTIFICATE IN THEATRE ARTS
## (CITA)

## સર્ટિફિકેટ ઈન થિયેટર આર્ટ્સ



BAOUGujarat

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

ગુજરાત સરકાર દ્વારા ૧૯૯૪માં રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી તરીકે સ્થાપના કરવામાં આવી છે. સ્થળ, સમયના બંધનોથી મુક્ત, રાજ્યવ્યાપી અભ્યાસકેન્દ્રો ધરાવતી આ યુનિવર્સિટી દૂરવર્તી શિક્ષણપદ્ધતિથી ઉચ્ચ શિક્ષણની સુવિધા પૂરી પાડે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના શિક્ષણ વિષયક ઉદ્દેશો નીચે મુજબ છે.

## ઉદ્દેશો

- અત્યાધુનિક સંચાર માધ્યમો, માહિતી પ્રસારણ તથા જ્ઞાન સંપાદનની અનેકવિધ શક્યતાઓને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે લાગુ કરી વ્યાપક જનસમાજના બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઉત્કર્ષ માટે સક્રિયતાપૂર્વક પ્રયાસ કરવો.
- રાજ્યની વસ્તીના દરેક વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તકો પૂરી પાડવી.
- સમાજના શૈક્ષણિક ઉત્કર્ષને પ્રાથમિકતા આપવી.
- રાજ્યના શૈક્ષણિક માળખામાં મુક્ત અને દૂરવર્તી શિક્ષણ પદ્ધતિને પ્રોત્સાહિત કરવી.
- પરંપરાગત યુનિવર્સિટી શિક્ષણથી વંચિત વિદ્યાર્થી સમુદાયને તકના અભાવે કે આર્થિક, સામાજિક સંજોગોના કારણે જેમનો અભ્યાસ અધૂરો રહી ગયો હોય તેમને ઘરબેઠા અભ્યાસ કરવાની અનુકુળતા કરી આપવી.
- શ્રમજીવીઓ અને ગૃહિણીઓનો એક વર્ગ પોતાની શૈક્ષણિક લાયકાતમાં અભિવૃદ્ધિ કરવા ઈચ્છે છે તેમના માટે તથા નોકરીવ્યવસાયમાં પ્રવૃત્ત કે જેલમાં સજા ભોગવતા કેદીઓ, અંતરિયાળ ગ્રામ વિસ્તારના ઉચ્ચશિક્ષણથી વંચિત જનસમુદાય માટે અભ્યાસની તક પૂરી પાડવી.

## અભ્યાસલક્ષી મહત્વની લાક્ષણિકતાઓ

- યુનિવર્સિટી દ્વારા મુદ્રિત સ્વરૂપે અભ્યાસસામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- સ્વાધ્યાય રેડિયો, સ્વાધ્યાય ટી.વી તથા વંદે ગુજરાત ચેનલ દ્વારા અભ્યાસક્રમ આધારિત ગુણવત્તાયુક્ત વ્યાખ્યાનશ્રેણી પ્રસારિત કરવામાં આવે છે.
- અભ્યાસકેન્દ્રો પર પરામર્શન વર્ગો, અભિમુખતા બેઠકો તથા ઓનલાઈન વ્યાખ્યાન દ્વારા પ્રશિક્ષણ માર્ગદર્શન આપવામાં આવે છે.
- મૂલ્યાંકન, સત્રાંત થિયરી અને પ્રાયોગિક પરીક્ષા દ્વારા સમગ્રલક્ષી કસોટી બાદ વિદ્યાર્થી આત્મવિશ્વાસપૂર્વક ઉત્તીર્ણ થઇ થિયેટર આર્ટસ વિષે સજ્જતા કેળવે તેવો ઉદ્દેશ છે.

## અભ્યાસક્રમની રૂપરેખા

- યુનિવર્સિટી દ્વારા મુદ્રિત સ્વરૂપે અભ્યાસસામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- સ્વાધ્યાય રેડિયો, સ્વાધ્યાય ટી.વી તથા વંદે ગુજરાત ચેનલ દ્વારા અભ્યાસક્રમ આધારિત ગુણવત્તાયુક્ત વ્યાખ્યાનશ્રેણી પ્રસારિત કરવામાં આવે છે.
- અભ્યાસકેન્દ્રો પર પરામર્શન વર્ગો, અભિમુખતા બેઠકો તથા ઓનલાઈન વ્યાખ્યાન દ્વારા પ્રશિક્ષણ માર્ગદર્શન આપવામાં આવે છે.
- મૂલ્યાંકન, સત્રાંત થિયરી અને પ્રાયોગિક પરીક્ષા દ્વારા સમગ્રલક્ષી કસોટી બાદ વિદ્યાર્થી આત્મવિશ્વાસપૂર્વક ઉત્તીર્ણ થઇ થિયેટર આર્ટસ વિષે સજ્જતા કેળવે તેવો ઉદ્દેશ છે.

| Sr. No. | Course type | Subject | Subject code | Credit |
|---|---|---|---|---|
| 1 | Core | નાટકનું સ્વરૂપ અને નાટ્યકૃતિનું વિશ્લેષણ (Drama - its form and uniqueness) | CITA-101 | 6 |
| 2 | Core | અભિનયના મૂળભૂત તત્વો અને નાટ્યનિર્માણના વિવિધ ઘટકો (Basic Principles of Acting and various elements of Play Production) | CITA -102 | 6 |
| 3 | Core | પ્રાયોગિક (Practical) | CITA -103 | 8 |
| | | | | 20 |

## અભ્યાક્રમની સંરચના

| | |
|---|---|
| પ્રવેશપાત્રતા | : ન્યુનતમ ધો. ૧૦ પાસ અથવા તેને સમકક્ષ |
| અભ્યાસક્રમની ફી | : ૩૦૦૦/ |
| અભ્યાસક્રમનો સમયગાળો | : લઘુત્તમ ૬ મહિના<br>મહત્તમ ૨ વર્ષ |
| સત્રાંત પરીક્ષા | : ૬ મહિનાના સમયગાળાના અંતે |
| મૂલ્યાંકન | : વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન બે રીતે કરવામાં આવશે. |
| સત્રાંત (થિયરી)પરીક્ષા | : ૧૦૦%(લેખિત પરીક્ષા) |
| પ્રાયોગિક પરીક્ષા | : ૧૦૦% |
| સફળતાનું ધોરણ | : ઉત્તીર્ણ થવા માટે<br>સત્રાંત મૂલ્યાંકનમાં ૪૦%<br>પ્રાયોગિક પરીક્ષામાં ૪૦% |

- વિદ્યાર્થી ૬ મહિનાના સમયગાળાના અંતે સત્રાંત પરીક્ષા આપી શકશે.
- જો એક સત્રાંત પરીક્ષામાં સફળ ન થાય તો સંબંધિત પાઠયક્રમોની સત્રાંત પરીક્ષા વિદ્યાર્થી બે વર્ષના સમયગાળા દરમ્યાન પોતાની અનુકૂળતા મુજબ આપી શકશે.
- બે વર્ષના સમયગાળામાં અભ્યાસક્રમ પૂર્ણ ન કરી શકનાર વિદ્યાર્થીને પુનઃનોંધણી કરાવવી પડશે. જે માટે નિયત કરેલી ફી પુનઃભરવાની રહેશે.

## પ્રાયોગિક તાલીમ

૧) વિદ્યાર્થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માન્ય અભ્યાસકેન્દ્રમાથી પ્રવેશ મેળવી શકશે.
૨) પ્રાયોગિક તાલીમ અને પરામર્શન માટેના અભ્યાસકેન્દ્રો નક્કી હશે.
૩) વિદ્યાર્થીની સંખ્યા પ્રમાણે તાલીમ સ્થળ ગોઠવાશે.
૪) તાલીમ સ્થળ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની માન્ય સંસ્થા/રી[illegible] રહેશે.
૫) યુનિવર્સિટીની વેબસાઈટ પર પ્રાયોગિક તાલીમ અને પરામર્શન સ્થળનું સમય પત્રક મુકવામાં આવશે.
૬) વિદ્યાર્થી પ્રાયોગિક તાલીમ અને પરામર્શન માટે સમયપત્રકમાં આપેલ સ્થળમાંથી કોઈપણ સ્થળ પસંદ કરી શકશે, એકવાર સ્થળ પસંદ કર્યા પછી પ્રાયોગિક તાલીમ અને પરામર્શન પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલી શકાશે નહિ.
૭) પ્રાયોગિક તાલીમ અને પરામર્શનમાં વિદ્યાર્થીની ૭૦% હાજરી ફરજીયાત રહેશે, તો જ વિદ્યાર્થીને પ્રાયોગિક સત્રાંત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.

## પ્રોજેક્ટની ફલશ્રુતિ/હેતુઓ

- નાટક પરકાયા પ્રવેશ નહીં પણ સ્વકાયામાં પરની લાગણીઓ, સંવેદનાઓ ઝીલી – તેને આંગિક, વાચિક, આહાર્ય, સાત્વિક દ્વારા આત્મસાત કરી પ્રસ્તુત કરી શકાય છે.
- શાળા/કોલેજના ઉત્સવોમાં અને કલા મહાકુંભ તેમજ સપ્તધારાના આ સંદર્ભના કાર્યક્રમોમાં સમજ અને સજ્જતા કેળવીને ભાગ લઈ શકશો.
- ગુજરાતી માધ્યમને કારણે રાજ્યમાં વસતા અને નાટ્યકળા વિષયમાં રસ ધરાવતા લોકો શિક્ષણ પ્રાપ્ત કરી શકશે.
- નાટ્યકળા વિષયમાં વ્યાવસાયિક અભ્યાસની ગુજરાતી માધ્યમમાં રાજ્ય વ્યાપી સગવડ ઊભી કરી લોકોને વ્યાવસાયિક કારકિર્દી ઘડવાની તક આપવી.
- રાજ્યભરમાં અને સવિશેષ ગ્રામ વિસ્તારોમાં નાટ્યકળા વિષયમાં શિક્ષિત વ્યાવસાયિક તૈયાર કરવા.
- નાટક દ્વારા નાગરિકોને ઉત્તમ શિક્ષણ પૂરું પાડી તે દ્વારા જીવનકૌશલ્ય તથા માનવસંવેદના માટે જનજાગૃતિલક્ષી કાર્યક્રમો તૈયાર કરી શકાય.
- નાટ્યકળાના માધ્યમે અસરકારક રીતે પ્રસ્તુતિ કરી સમાજલક્ષી સુધારામાં પણ ફાળો આપી શકાય.
- લલિત કળાઓ માનવનું મન પ્રફુલ્લિત રાખે છે તેમજ સમાજના ઉત્કર્ષ માટે પણ તે ખૂબ જરૂરી છે. ઝડપથી અને મોટા પ્રમાણમાં કાર્યપૂર્ણ કરવા માટે દૂરસ્ત શિક્ષણ પદ્ધતિ એક ઉપયુક્ત માધ્યમ છે.
- કળા એ સમાજની ઉન્નતિ માટે આવશ્યક હોવાથી રાજ્યની પ્રજાને નાટ્યકલા વિષે સજ્જતા કેળવાશે.
- વ્યક્તિ રાષ્ટ્રનો સારો નાગરિક બને અને જ્ઞાનની ક્ષિતિજો ખુલતા, સમજતાં વિશ્વમાનવ બને.
- વોઈસ ઓવર આર્ટીસ્ટ, ન્યુઝ એંકર (રીડર), થિયેટર આર્ટીસ્ટ (અભિનેતા, દિગ્દર્શક, સ્ટેજ મેનેજર) તરીકે સજ્જતા પ્રાપ્ત કરી શકશો.
- આ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ લઈ થિયેટર આર્ટસ વિષે વધુ જ્ઞાન મેળવી શકશો.

## વિષય સમિતિ

૧) દિગીશ વ્યાસ - આસિસ્ટન્ટ પ્રોફેસર, પરફોર્મિંગ આર્ટસ
ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

૨) ડૉ. મહેશ ચંપકલાલ - એમિરેટ્સ પ્રોફેસર
પૂર્વ અધ્યક્ષ, નાટ્ય વિભાગ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.

૩) શ્રી કપિલદેવ શુક્લ
નાટ્ય વિદ અને પૂર્વ આસિસ્ટન્ટ ડાયરેક્ટર, યુથ વેલફેર એન્ડ ફિઝિકલ એજ્યુકેશન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.




www.baou.edu.in

'Jyotirmay' Parisar, Sarkhej-Gandhinagar Highway,
Chharodi, Ahmedabad - 382 481

BAOUGujarat